જા.નં./મા-૨/૨૦૨૨/ ૧૯૨૫૪

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. ૯/૦૯/૨૦૨૨

પ્રતિ,
સુરત જિલ્લાની તમામ સરકારી,અનુદાનિત અને બિન અનુદાનિત તમામ શાળાઓ
સુરત

વિષય :-૩૬ મી નેશનલ ગેમ્સ ગુજરાત-૨૦૨૨ની ઉજવણી કરવા બાબત

જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ૩૬ મી નેશનલ ગેમ્સ ગુજરાત-૨૦૨૨ અંતર્ગત ટેબલ ટેનીસ, બેટમિન્ટન,બીચ,વોલીબોલ અને બીચ હેંન્ડબોલની સ્પર્ધાઓ સુરત શહેર ખાતે યોજવાનું નક્કી કરવામાં આવેલ છે, જે સ્પર્ધાના સફળ આયોજન અર્થે સદર નેશનલ ગેમ્સના પ્રચાર-પ્રસાર અર્થે Sports Carnival નાં કાર્યક્રમ અંતર્ગત સુરત જિલ્લાની તમામ શાળાઓમા નેશનલ ગેમ્સ ગુજરાત-૨૦૨૨નાં પ્રમોશન માટે વિવિધ રમતોનું આયોજન કરવા અને ૩૬ નેશનલ ગેમ્સનાં અવેરનેશ કેમ્પેનનું આયોજન તથા અન્ય આનુસાંગિક પ્રવૃત્તિઓ તા.૧૫/૦૯/૨૦૨૨ થી તા.૧૬/૦૯/૨૦૨૨ દરમિયાન શાળા કક્ષાએ આયોજન કરવા જણાવવામાં આવે છે.જે અર્થે નીચે જણાવ્યા મુજબની વિવિધ સમિતિઓની રચના કરવામાં આવે છે તેમજ જે તે સમિતિ સામે જણાવેલ કામગીરી સત્વરે હાથ ધરવાની રહેશે .

**કાર્યક્રમની સૂચી**

| ક્રમ | તારીખ અને વાર | સ્પર્ધાનો સમય | સ્પર્ધા |
|---|---|---|---|
| ૧ | તા.૧૫/૦૯/૨૦૨૨ ગુરુવાર | શાળા સમય દરમિયાન | નેશનલ ગેમ્સ, ગામઠી અને અન્ય રમત, વેશભૂષા (રમત-ગમત થીમ આધારિત) |
| ૨ | તા.૧૬/૦૯/૨૦૨૨ શુક્રવાર | શાળા સમય દરમિયાન | નેશનલ ગેમ્સ,ગામઠી અને અન્ય રમત, ક્વીઝ (રમત-ગમત થીમ આધારિત) |

**તા.૧૫/૦૯/૨૦૨૨ થી તા.૧૬/૦૯/૨૦૨૨ નાં કાર્યક્રમની રૂપરેખા**

- પ્રમોશન કરવા અંગે બેનર અને પ્લેકાર્ડ સાથે રેલી
- મહેમાન આગમન અને આવકાર (પ્રતિષ્ઠિત હસ્તીઓ,સાંસદશ્રી /ધારાસભ્યશ્રી/નગર સેવકશ્રી/અન્ય આગેવાન/ રમતવીર/શાળાના ટ્રસ્ટીશ્રીઓ વગેરે)
- માર્ચ પાસ્ટ (Anthem સાથે )
- દિપ પ્રાગટ્ય
- રાષ્ટ્રીય કક્ષાના/ રાજ્ય કક્ષાના/ખેલ મહાકુંભના વિજેતા રમતવીરનું સંબોધન
- ૩૬ મી નેશનલ ગેમ્સ ગુજરાત ૨૦૨૨ અંગે આચાર્યનું સંબોધન
- ૩૬ મી નેશનલ ગેમ્સ ગુજરાત ૨૦૨૨ અંગે મહેમાનોનું સંબોધન
- ફીટ ઇન્ડીયા પ્રતિજ્ઞા
- ગામઠી અને અન્ય રમતોની શરૂઆત

**રેલી અને માર્ચ પાસ્ટ સમિતિ**

| કર્મચારીઓ | કામગીરીની વિગત |
|---|---|
| વર્ગ શિક્ષક | • પ્રમોશન કરવા અંગે બેનર અને પ્લેકાર્ડ અને વેશભૂષા સાથે રેલી<br>• વિદ્યાર્થીઓને પ્લેકાર્ડ સાથે લાઈનમાં મેદાનમાં લાવવા અંગેની કામગીરી |

**રમતોત્સવ સમિતિ**

| કર્મચારીઓ | કામગીરીની વિગત |
|---|---|
| પી.ટી.શિક્ષક/શિક્ષક,વર્ગ | • નેશનલ ગેમ્સ,ગામઠી અને અન્ય રમત રમાડવાની કામગીરી |

| | |
|---|---|
| શિક્ષકશ્રી અને અન્ય શિક્ષકો | |

**રમતોના પરિણામ અંગેની સમિતિ**

| કર્મચારીઓ | કામગીરીની વિગત |
|---|---|
| કોમ્પ્યુટર ઓપરેટર ક્લાર્ક અને જાણકાર તજજ્ઞો | રમાયેલી તમામ રમતોનું પરિણામ તૈયાર કરવાની કામગીરી |

**વેશભૂષા ,ક્વીઝ,સ્પર્ધા (રમત-ગમત થીમ આધારિત )અંગેની સમિતિ**

| કર્મચારીઓ | કામગીરીની વિગત |
|---|---|
| આચાર્ય,પી.ટી.શિક્ષક અને વર્ગ શિક્ષક | ગામઠી રમતોત્સવ,સાયકલીંગ અને સ્કેટિંગ રેલી વિથ મોસ્કોત,નેશનલ ગેમ્સ થીમ પર આધારિત પરેડમાં વેશભૂષા સાથે વિદ્યાર્થીઓને હાજર રાખવાની કામગીરી |

**પ્રચાર-પ્રસાર સમિતિ**

| કર્મચારીઓ | કામગીરીની વિગત |
|---|---|
| આચાર્ય વર્ગ શિક્ષક અને કોમ્પ્યુટર ઓપરેટર | • શાળામાં આયોજન થનાર ગામઠી રમતોત્સવ અને અન્ય રમતો અંગે તેમજ સુરત શહેરના શહેરીજનો ૩૬ મી નેશનલ ગેમ્સ અન્વયે યોજાનાર સ્પોર્ટ્સ કાર્નિવલનાં કાર્યક્રમથી માહિતગાર તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓની જાહેરાત કરાવવા અર્થેની તમામ પ્રકારની કામગીરી<br>• સદર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર જન પ્રતિનિધિશ્રીઓ,શહેરના અગ્રણી નાગરિકો,સેવાભાવી સંસ્થાઓ,અન્ય મહાનુભાવો વિગેરેને આમંત્રિત કરવાની કામગીરી.<br>• સ્પોર્ટ્સ કાર્નિવલનાં દરરોજ યોજાનાર કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પ્રેસનોટ તૈયાર કરવી ન્યુઝ પેપર્સ,ન્યુઝ ચેનલો સોશિયલ મીડિયા વગેરે જેવા પ્લેટફોર્મ ઉપર પ્રસિધ્ધ કરવાની રહેશે. |

નોંધ :-(૧) ઉપરોક્ત આયોજન મુજબ સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને રાખી નિરીક્ષણ નિરીક્ષક અને મદદનીશ શિક્ષણ નિરીક્ષક, ટી.પી.ઇ.ઓ,બીઆરસી,સીઆરસી સાથે સંકલનમાં રહી યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે.

(૨) <u>શાળાએ પોતાની સ્થાનિક અનુકુળતા મુજબ આયોજન કરવું.</u>

(૩) <u>કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ફોટોગ્રાફ્સ અને પ્રેસનોટ સાથેનો અહેવાલ QDC કન્વીનરશ્રી</u> અને BRC, CRC <u>મારફત જમા કરાવવાનો રહેશે.</u>

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
સુરત

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત

<u>નકલ રવાના જાણ તથા અમલ સારું</u>

- શિક્ષણ નિરીક્ષકશ્રીઓ તથા મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રીઓ તમામ
- આચાર્યશ્રીઓ તરફ
- SVS કન્વીનાર્શ્રીઓ
- QDC કન્વીનરશ્રીઓ
- ડેપ્યુટી ડી.પી.ઇ.ઓ,ટી.પી.ઇ.ઓ,બી,આરસી,સીઆરસી